

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ડિસેમ્બર, સોમવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતી દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં બાદ 'અક્ષરમહોલ'માં સભામાં દુબઈથી પધારેલ રાજશ્રીબહેન ઠક્કરનાં સ્વાગત કરી તેઓને જન્મદિવસ નિમિત્તે આશીર્વાદ પાઠવ્યા. રાત્રે 'અક્ષરમહોલ'માં સભામાં પધારી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨ ડિસેમ્બર, મંગળવાર...** સવારે સંતનિવાસ 'પરિમલ'માં પધારી સૌ સંતોને ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. નિજ મંદિરજીમાં રાજભોગ આરતી બાદ 'અક્ષરમહોલ'માં સભામાં વિદેશથી પધારેલા ભક્તોનાં સ્વાગત કરી સૌને સત્સંગલાભ આપ્યો. સાંજે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આશીર્વાદ આપ્યા.

**૩ ડિસેમ્બર, બુધવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં સભામાં પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા. સાંજે વડીલ સાધુ પૂ. ગૌતમદાસજીના પ્રાગટ્યદિન નિમિત્તે સૌ સંતો-ભક્તોને લઈ અમદાવાદ તેઓના 'સમર્પણ' નિવાસસ્થાને પધાર્યા. આ પ્રસંગે પધારેલ અમદાવાદ પ્રદેશના યુવા કાર્યકર્તાઓ તથા શ્રી પ્રવીણભાઈ કોટક, કમિશ્નર શ્રી સુદીપ્તભાઈ ઘોષ (I.R.S.) આદિ ઉપસ્થિત સૌ મહેમાનો-ભક્તોને આશીર્વાદ આપ્યા. રાત્રિરોકાણ ત્યાં જ કર્યું.

**૪ ડિસેમ્બર, ગુરુવાર...** 'સમર્પણ'માં ઘરમંદિરમાં દર્શન-પ્રાર્થના કર્યાં. સિવિલ હૉસ્પિટલ-અમદાવાદમાં સેવા આપતાં ડૉ. દિશાબહેનને આશીર્વાદ આપ્યા. અર્પિતભાઈ સોની તથા બાપુનગર મંડળના ભક્તોના ભાવ-આગ્રહને વશ થઈને અઠવાડિક સત્સંગસભામાં પધાર્યા. બાપુનગર, નરોડા તથા મણિનગર મંડળના સૌ ભક્તોએ ભવ્ય સ્વાગત કર્યાં. દીકરીઓએ સ્વાગતનૃત્ય દ્વારા પોતાના ભાવ રજૂ કર્યા. સભામાં પધારેલા સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. અર્પિતભાઈ-વિભાબહેન અને સમીરભાઈ-રાધિકાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. નિખિલભાઈ-સપનાબહેન જૈન અને ડૉ. શૈલેશભાઈ-સોનલબહેન મેતલિયાના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. ત્યાંથી દહેગામ ધર્મેન્દ્રભાઈ-શર્મિલાબહેન અને શાંતિભાઈ-નર્મદાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ વાડીભાઈના ઘરમંદિર 'સાયોમૃત'માં પધાર્યા. શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, રાત્રિસભામાં પધારેલા ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ ત્યાં જ કર્યું.

**૫ ડિસેમ્બર, શુક્રવાર...** દહેગામમાં ધનસુખભાઈ પટેલના ઘરે પધરામણી કરી, આરતી-ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. દહેગામથી સૌ ભક્તોની વિદાય લઈ બ્રહ્મજ્યોતિ પધાર્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીની શયન આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી અમદાવાદ અને દહેગામ વિચરણનો અહેવાલ આપી આશીર્વાદ આપ્યા.

**૬ ડિસેમ્બર, શનિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. પ્રકાશકુમાર અને દીકરા-પુત્રવધૂને સીમંત નિમિત્તે આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૭ ડિસેમ્બર, રવિવાર...** 'અક્ષરમહોલ'માં પોષીપૂનમ ઉત્સવ નિમિત્તે યોજેલ સમૂહ જપયજ્ઞના પ્રારંભિક દિને પધારી ધૂન કરી. સાંજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગમાં પધારી યજમાન ભક્તોને આશીર્વાદ આપ્યા. નિજ મંદિરજીમાં સંધ્યા આરતી-દર્શન કરી, બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો. સભામાં વિદેશથી પધારેલા ભક્તોનાં અભિવાદન કર્યાં. પ્રમુખવરણી દિન નિમિત્તે બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજના મહિમા પ્રસંગોનાં સ્મૃતિગાન કરી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૮ ડિસેમ્બર, સોમવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સભામાં પધારેલા ભક્તોને આશીર્વાદ પાઠવી 'અક્ષરમહોલ'માં સમૂહ ધૂનમાં પધાર્યા.

**૯ ડિસેમ્બર, મંગળવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સભામાં પધારેલા ભક્તોને

આશીર્વાદ આપ્યા. યુ.એસ.એ.થી પધારેલ હિનાબહેન-દિલીપભાઈના પરિવારને આશીર્વાદ પાઠવી 'અક્ષરમહોલ'માં સમૂહ ધૂનમાં પધાર્યા.

**૧૦ ડિસેમ્બર, બુધવાર...** 'અક્ષરમહોલ'માં સમૂહ જપયજ્ઞમાં પધાર્યા. સાંજે 'તીરથ'માં યોજેલ સંતસભામાં પધારી આશીર્વાદ આપ્યા. સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી નિરંજનભાઈ પટેલ 'યુનિવર્સિટી'ના દીક્ષાંત સમારોહ અને સંતભગવંત સાહેબજીને 'Doctor of letter'ની માનદ પદવી એનાયત કરવાના કાર્યક્રમમાં પધારવા માટે આમંત્રણ આપવા પધાર્યા, તેઓનું સ્વાગત કરી ગોષ્ઠિ કરી.

**૧૧ ડિસેમ્બર, ગુરુવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં સમૂહ ધૂનમાં પધાર્યા.

**૧૨ ડિસેમ્બર, શુક્રવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતી દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સભામાં આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં સમૂહ ધૂનમાં પધાર્યા. ચારુતર વિદ્યામંડળના ચૅરમૅનશ્રી ભીખુભાઈ પટેલને જન્મદિન નિમિત્તે સ્વાગત કરી સભામાં આશીર્વાદ આપ્યા.

**૧૩ ડિસેમ્બર, શનિવાર...** અ.નિ. ભારતીબહેન ગોસ્વામીની ત્રયોદશીની મહાપૂજામાં પધારી પરિવારજનો અને મહેમાનોને આશીર્વાદ આપ્યા. શ્રી જશવંતભાઈ રાવલ (તંત્રી, નયા પડકાર)ને વિશેષ સ્મૃતિભેટ સાથે આશીર્વાદ પાઠવ્યા. ઊર્મિલભાઈ શાહ અને પ.પૂ. વ્રજરાજજી મહારાજના આશીર્વાદ સાથે VYOના ટ્રસ્ટીઓ આમંત્રણ આપવા પધાર્યા. 'અક્ષરમહોલ'માં પધારી ધૂન કરી. સાંજે 'પારમિતા' સભાખંડમાં 'બ્રહ્મનિર્ઝર' પત્રિકાની સેવામાં પધાર્યા.

**૧૪ ડિસેમ્બર, રવિવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતી દર્શન-ધૂન-પ્રાર્થના કરી. ત્યારબાદ સભામાં આશીર્વાદ આપ્યા. સાંજે ખંભાત મંડળ દ્વારા આયોજિત શાકોત્સવમાં સૌ સંતો-ભક્તો સાથે પધારી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ ડિસેમ્બર, સોમવાર...** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાયેલા ૬૮મા કન્વોકેશન સમારોહમાં ગવર્નર શ્રી આચાર્ય દેવવ્રતજી અને કુલપતિશ્રી નિરંજનભાઈ દ્વારા પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીને Doctor of Letters (Honoris Causa), માનદ્ ડૉક્ટરેટની પદવી અર્પણ કરી તેનો સ્વીકાર કર્યો. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આશીર્વાદ આપ્યા.

**૧૬ ડિસેમ્બર, મંગળવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સભામાં આશીર્વાદ આપ્યા. રાત્રિસભામાં 'અક્ષરમહોલ'માં પધારી સત્સંગલાભ આપ્યો. વડોદરાનાં ચેતનભાઈ-ચેતનાબહેન તથા અતુલભાઈ-અનામિકાબહેન-બંનેની દીકરીઓનાં લગ્નની કંકોતરીનાં પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૭ ડિસેમ્બર, બુધવાર...** દહેગામથી પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં સમૂહ જપયજ્ઞ માટે પધાર્યા. સાંજે 'તીરથ'માં સંતસભામાં પધારી સૌ સંતોને આશીર્વાદ આપ્યા.

**૧૮ ડિસેમ્બર, ગુરુવાર...** અ.નિ. જ્યોતિબહેન ભદ્રેશભાઈ દેસાઈની અંતિમવિધિમાં પધારી મંત્રપુષ્પાંજલિ-આરતી અર્પણ કરી, પરિવારજનોને સાંત્વન આપ્યું. કૉલેજના મિત્ર વિષ્ણુભાઈ-મહેળાવ સાથે ગોષ્ઠિનો આનંદ કર્યો. સમૂહ જપયજ્ઞ માટે 'અક્ષરમહોલ'માં પધાર્યા. યુ.એસ.એ.થી પધારેલાં નીલેશભાઈ સિદ્ધપુરા-હર્ષિદાબહેનને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૯ ડિસેમ્બર, શુક્રવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સભામાં ભરતભાઈ કઢીવાલાનાં દીકરા ફેનિલ-શિવાની નવદંપતીને લગ્ન નિમિત્તે આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં સમૂહ જપયજ્ઞ માટે પધાર્યા. સાંજે વડોદરામાં અ.નિ. અનિલભાઈ-નયનાબહેન જેરાજાનીના ઘરે પધારી ઉપસ્થિત સૌ સંતો તથા સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ ડિસેમ્બર, શનિવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, યુ.એસ.એ.ના જિગરભાઈને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં. અમૅરિકાથી પધારેલા ધનંજયભાઈ અને પરિવારનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં સમૂહ જપયજ્ઞ માટે પધાર્યા.

**૨૧ ડિસેમ્બર, રવિવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. ત્યારબાદ સભામાં આશીર્વાદ આપ્યા. મુંબઈથી પધારેલ અનુપમ સ્વજન દેવેનભાઈ-જયશ્રીબહેનના દીકરા ચિ. રોનક-ચિ. ઊર્વીનાં લગ્નની કંકોતરીનાં પૂજન કરાવી યુગલને આશીર્વાદ પાઠવ્યા. બપોર પછી 'અક્ષરમહોલ'માં સમૂહ જપયજ્ઞ માટે પધાર્યા. ડૉ. બિપિનભાઈને જન્મદિવસ નિમિત્તે આશીર્વાદ આપ્યા. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગમાં પધારી યજમાન ભક્તોને આશીર્વાદ આપ્યા. નિજ મંદિરજીમાં આરતીનાં દર્શન કર્યાં.

**૨૨ ડિસેમ્બર, સોમવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. આણંદ જિલ્લાના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ સાથે ગોષ્ઠિ કરી. 'અક્ષરમહોલ'માં સમૂહ જપયજ્ઞ માટે પધાર્યા.

**૨૩ ડિસેમ્બર, મંગળવાર...** 'અક્ષરમહોલ'માં ચારુતર આરોગ્ય મંડળના ચૅરમૅનશ્રી અતુલભાઈ પટેલના ૭૫મા જન્મદિવસ નિમિત્તે તેઓનાં અભિવાદન કરી, સ્મૃતિભેટ અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. ઍલિકોનના મૅનેજિંગ ડાયરેક્ટર શ્રી પ્રયાસ્વિનભાઈના 'ઉપાસના'માં સત્કાર કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સ્મૃતિદિન નિમિત્તે 'યોગીપ્રસાદ'ના હૉલમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી પોષીપૂનમ પર્વ નિમિત્તે ૧૫ દિવસથી ચાલતી સમૂહ ધૂનની પૂર્ણાહુતિ કરી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ ડિસેમ્બર, બુધવાર...** હરિધામ-સોખડાથી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી ને સંતો દર્શનાર્થે પધાર્યા, તેઓ સાથે નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં સભામાં પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીનાં તેઓના ૮૧મા પ્રાગટ્યપર્વની ઉજવણી નિમિત્તે સ્વાગત-સન્માન કર્યાં અને ઉપસ્થિત ભકતોને આશીર્વાદ આપ્યા. શ્રી પીયૂષભાઈ (યુ.એસ.એ.)નું સ્વાગત કરી આશીર્વાદ આપ્યા.

**૨૫ ડિસેમ્બર, ગુરુવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં બાદ 'અક્ષરમહોલ'માં સભામાં આશીર્વાદ આપ્યા. વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રી દ્વારા વડોદરામાં આયોજિત શ્રી ભાગવત કથામાં પધારી કથાશ્રવણનો આનંદ માણ્યો. ત્યારબાદ મીનલબહેન-ઊર્મિલભાઈના ઘરે પધરામણી કરી. ત્યાં પધારેલ ડૉ. ભરતભાઈ મોદી અને પરિવારને ગોષ્ઠિનો લાભ આપી આનંદ કરાવ્યો. ઊર્મિલભાઈના ઘરે ઈંગ્લૅન્ડના પૂ. પ્રદીપભાઈ ધામેચા અને પરિવારનું સ્વાગત કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૨૬ ડિસેમ્બર, શુક્રવાર...** યુ.એસ.એ.થી દર્શનાર્થે પધારેલ મિત્તલબહેન-રોશનભાઈ પટેલને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૭ ડિસેમ્બર, શનિવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીમાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં સભામાં આશીર્વાદ આપ્યા. સાંજે વડોદરા પૂ. શંકરકાકાની ફૅક્ટરીમાં પધરામણી કરી, ઑફિસના સ્થાનિક મંદિરમાં દર્શન-આરતી અર્પણ કરી, ધૂન-પ્રાર્થના કરી. આશિષભાઈ, અનુપમભાઈ, હર્ષભાઈ અને સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ આપી 'ઉપાસના ધામ' વેમાર પધાર્યા. સૌના સ્વાગતભાવ ઝીલી, મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં આશીર્વાદ પાઠવ્યા. છાણભોઈ ખાતે પ.પૂ. પ્રેમસ્વરૂપવામીજીના ૮૧મા પ્રાગટ્યદિન નિમિત્તે અને 'હરિપ્રેમ હીરક દીક્ષા મહોત્સવ'માં પધારી આશીર્વાદ આપ્યા. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૨૮ ડિસેમ્બર, રવિવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં સભામાં આશીર્વાદ પાઠવ્યા. નીલેશભાઈ (ફ્લૉરિડા-અમૅરિકા)ના નિમંત્રણથી બાકરોલમાં 'શ્રી ચરોતર મોટી સત્યાવીશ લેઉવા પાટીદાર સમાજ માતૃસંસ્થાન'માં નીલેશભાઈના યજમાનપદે આયોજિત સમૂહલગ્ન પ્રસંગમાં પધારી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે પધારેલ સમાજના આગેવાનોને મળ્યા.

**૨૯ ડિસેમ્બર, સોમવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં સભામાં દુબઈ નિવાસી પૂ. કિશોરભાઈ ગોકલનાં સ્વાગત-સન્માન કરી આશીર્વાદ પાઠવ્યા. પૂ. કિશોરભાઈને લઈને અનુપમ મિશનના શૈક્ષણિક સંસ્થાન 'પ્રજ્ઞાનતીર્થ'ની મુલાકાત લઈ, શાળાકીય પ્રવૃત્તિઓ નિહાળી.

**૩૦ ડિસેમ્બર, મંગળવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં સભામાં આશીર્વાદ આપ્યા. રાત્રે 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. યુ.એસ.એ.થી પધારેલ ડૉ. જિતુભાઈ-રીટાબહેન અને કુસુમદીદી પધાર્યાં, તેઓ સૌનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ ડિસેમ્બર, બુધવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા દિન નિમિત્તે 'અક્ષરમહોલ'માં જપયજ્ઞમાં પધાર્યા. સાંજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગમાં પધારી યજમાન ભક્તોને આશીર્વાદ આપ્યા. યુવકો-યુવતીઓ માટે યોજેલ રમતોત્સવમાં પધારી તેઓનો ઉત્સાહ વધારી સૌને આનંદ અપાવ્યો. રાત્રે સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા દિન નિમિત્તે 'વર્ણીકુંજ'માં યોજેલ સભામાં પધારી આશીર્વાદ આપ્યા. ◆